BUSINESS મિત્ર

એશિયન બજારોમાં જોરદાર કડાકો બોલાયો: રોકાણકારોના 4 લાખ કરોડ રૂપિયા સ્વાહા

એશિયન બજારોની પાછળ ચારેકોર વેચવાલીએ સેન્સેક્સ 890 પોઇન્ટ તૂટયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 23: એશિયન બજારોમાં ભારે વેચવાલીના દબાણ વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટી ધડામ થઈને તુટી પડી હતી. આજે નિફ્ટીની વીકલી એકસપાયરીના પગલે મંદીવાળાઓ હાવી થઇ ગયા હતા અને તેઓએ ખાસ કરીને ફરી એકવાર આઇટી શેરોમાં વેચવાલી કરતા નિફ્ટી 23900 પોઇન્ટની નીચે સરકી ગઇ છે. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 1100 પોઇન્ટ તુટયો હતો, જ્યારે નિફ્ટી 23800ની નીચે પહોંચી ગઇ છે. એટલું જ નહીં, સૌથી વધુ કડાકો રોકડાના શેરોમાં જોવા મળ્યો હતો.

આઇટી અને મેટલ સેક્ટરે બજારમાં ભારે દબાણ નાંખ્યું હતું. નિફ્ટી આઇટી ઇન્ડેકસ 2 ટકા સુધી તુટયો હતો, જ્યારે નિફ્ટી મેટલ ઇન્ડેક્સ 3 ટકા સુધી ઘટ્યો હતો. નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેક્સ 2 ટકાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી રિયલ્ટી ઇન્ડેકસ એક ટકા અને નિફ્ટી પ્રાઇવેટ બેન્ક ઇન્ડેકસ અડધા ટકા સુધી તુટયા હતા. જોકે, ફાર્મા શેરોમાં રીકવરી જોવા મળી હતી અને તેને બજારને ટેકો આપવાનો પ્રયાસ કર્યો હતો.

બીજી તરફ, ચારેકોર વેચવાલીના કારણે શેરબજાર તુટી ગયું હતું, જેમાં રોકાણકારોના ચાર લાખ કરોડ રૂપિયા સ્વાહા થઇ ગયા હતા, જેથી માર્કેટ કેપ ઘટીને રૂ. 475 લાખ કરોડ પર પહોંચી ગયો હતો.

બીએસઇ સેન્સેક્સ 893.39 પોઇન્ટ એટલે કે 1.16 ટકા ઘટીને 76200.68 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડે સેન્સેક્સ 77194 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76082 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 278.80 પોઇન્ટ એટલે કે 1.16 ટકા ઘટીને 23824.10 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24135 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23784 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 751.85 પોઇન્ટ એટલે કે 1.3 ટકા ઘટીને 57183.75 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે કોહાન્સ લાઇફસાયન્સીસમાં 12.91 ગણા, ક્રિલોસ્કર ઓઇલમાં 6.69 ગણા, હીરો મોટો કોર્પમાં 5 ગણા, ફીઝીક્સવાલા લિ.માં 4.64 ગણા, પ્રેસ્ટીજ એસ્ટેટ 3.56 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે કોહાન્સ લાઇફસાયન્સીસમાં 41.19 ગણા, પિરામલ ફાર્મામાં 25.97 ગણા, ક્રિલોસ્કર ઓઇલ 24.16 ગણા, વેદાન્તા લિ.માં 8.78 ગણા અને ન્યુલેન્ડ લેબમાં 5.6 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.88 ટકા અને સ્મોલકેપ ઇન્ડેકસ 0.62 ટકા ઘટ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઇ ખાતે 1498 શેરો વધ્યા હતા, જ્યારે 2797 શેરો ઘટ્યા હતા, તથા 181 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મેટલ ઇન્ડેક્સ 3.22 ટકા ઘટયા હતા. જેમાં વેદાન્તા, નેલ્કો, હિન્દુસ્તાન ઝીંક, જિન્દાલ સ્ટીલ, જેએસડબલ્યુ સ્ટીલ, સેઇલ, એનએમડીસી, અદાણી એન્ટર, ટાટા સ્ટીલ અને હિન્દાલ્કો ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફયુચર લાલ નિશાનમાં ચાલી રહ્યા છે, જેથી આજે અમેરિકન બજારો નેગેટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. યુએશ-ઇરાન શાંતિ કરાર પર પ્રારંભિક ઉત્સાહ બાષ્પીભવન થતા યુરિપયન બજારોમાં ઘટાડો થયો હતો. જે લાંબા સમય સુધી વ્યાજદરો અને નવી ચિંતાઓને માર્ગ આપશે. એલિવેટેડ એઆઇ વેલ્યુએશન અને ઉચ્ચ યુએસ ઉધાર ખ4ચની સંભાવના વચ્ચે ટેકનોલોજી શેરોમાં વેચવાલીએ એશિયન બજારોમાં જોરદાર કડાકો બોલાયો હતો.

આ વેચવાલીએ કોસ્પી 20 મિનિટમાં 10 ટકાની લોઅર સર્કિટ વાગતા ટ્રેડિંગ બંધ રહ્યો હતો, જે ફરીથી ખુલતા વેચવાલીનું દબાણ ચાલુ રહ્યું હતું. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે કહ્યું કે ઇરાન સાથેની વાટાઘાટોમાં પ્રગતિ થઇ છે અને હોર્મુઝ સ્ટ3ટ કુલ્લી છે, તે પછી પુરવઠાની ચિંતાઓ હળવી થતા ક્રુડના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.39 ટકા, કેક 0.56 ટકા અને ડેક્સ 0.78 ટકા ઘટાડા સાથે આગળ વધી રહ્યો છે. એશિયન બજારોમાં નીક્કી 3.68 ટકા, હેંગસેંગ 1.85 ટકા, તાઇવાન 1.36 ટકા, કોસ્પી 11.10 ટકા, જકાર્તા 0.25 ટકા અને શાંઘાઇ 1.38 ટકા તૂટયા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.03 ટકાનો નજીવો સુધારો રહ્યો હતો.

બેઉતરફી વધઘટે ડોલરમાં નજીવો સુધારો

ફોરેક્સ બજાર

ડોલર	94.73 રૂ.
યુરો	107.64 રૂ.
પાઉન્ડ	124.64 રૂ.
યેન	0.5864 રૂ.

ક્રુડ ઓઇલમાં ઘટાડો ચાલુ રહેવા છતાં આજે પણ ડોલર-રૂપિયામાં બેઉતરફી વધઘટ રહી હતી, છેલ્લે ડોલરમાં નજીવો સુધારો રહ્યો હતો. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 4 પૈસા ઘટીને 94.73ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.69ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 107.64, પાઉન્ડ 124.64, કેનેડિયન ડોલર 66.71, ઓસ્ટ્રેલિયન ડોલર 65.36, જાપાનીઝ યેન 0.5864 અને સીંગાપોર ડોલર 72.86ના સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-893.39	76200.68
નિફ્ટી	-278.80	23824.10
બેન્ક નિફ્ટી	-751.85	57183.75

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
સીપલા	1.23	1433.10
ડો. રેડ્ડીઝ લેબ	0.82	1301.30
પાવરગ્રીડ	0.76	291.95
એક્સીસ બેન્ક	0.36	1363.50
સન ફાર્મા	0.27	1868.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	3.39	1029.30
ટીસીએસ	3.21	2059.60
અદાણી એન્ટર	3.16	2962.90
વિપ્રો	3.16	174.49
જેએસડબલ્યુ સ્ટીલ	3.13	1242.20

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	0.83	292.25
એક્સીસ બેન્ક	0.28	1362.55
સન ફાર્મા	0.23	1867.80
મારૂતિ સુઝુકી	0.07	13422.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	3.36	1029.55
ટીસીએસ	3.16	2060.15
બીઇએલ	2.67	419.95
ટાટા સ્ટીલ	2.66	193.65
અદાણી પોર્ટસ	2.42	1783.10

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૯૨૬૦
તેજાબી સોનું	૧૪૯૧૭૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૧૮૦૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૬૨૮૦
સોનાનાં બિસ્કીટ	૧૪૯૨૬૦૦
ચાંદી (૯૯૯)	૨૩૪૨૦૦
ચાંદી સિક્કા	૨૩૫૭૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૫૦૦
એમ-૩૦	૪૪૫૦
એસ-૩૦	૪૪૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦

યાર્ન બજાર સુરત — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

(GST સાથેના ભાવ)

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૭.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૦	૫૦/૩૬ ''	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૭	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૮
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨	૧૦૦ ટેક્ષ	૧૪૦	૬૮ ક્રિમ્પ	૧૪૭
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧	૮૦/૭૨ રોટો	૧૪૫	૭૫ ક્રિમ્પ	૧૪૨
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૩.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૨૦
સીંગતેલ (૫ લી)	૯૨૦	સનફલાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૭૦	તલતેલ	૪૭૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૨૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૦૦		

ટેક શેરોમાં ત્સુનામી: સેમસંગ-એલજીના દેશ કોરિયામાં ટ્રેડિંગ અટકાવવું પડ્યું

કોરિયામાં 10%ની લોઅર સર્કિટ, નાસ્ડેક 700 પોઇન્ટ તૂટ્યો

નાસ્ડેક-ડાઉ ફ્યુચર શેરોમાં પણ જોરદાર ઘટાડો થતાં અમેરિકન બજાર લાલ નિશાનમાં

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 23: વૈશ્વિક બજારોમાં કોહરામ મચી જવા પામ્યો છે. દક્ષિણ કોરિયાના કોસ્પી ઇન્ડેક્સમાં 10 ટકાની લોઅર સર્કિટ વાગી હતી. છેલ્લે 11 ટકાનો ઘટાડો નોંધાયો હતો. જાપાનના નીક્કી 3 ટકા જેટલો તૂટયો હતો. જ્યારે નાસ્ડેક ફ્યુચર 700 પોઇન્ટનો ઘટાડો નોંધાયો છે. જ્યારે ડાઉ જોન્સ ફ્યુચર બે ટકા જેટલો ઘટાડા સાથે ચાલી રહ્યો છે. જેના લીધે આજે અમેરિકન બજારો નરમ ખુલવાના સંકેત આપી રહ્યા છે. અમેરિકન બજારોમાં દબાણ જોવા મળી શકે છે, ખાસ કરીને ટેકનોલોજી શેરોમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. જેની અસર ભારતીય શેરબજારની સાથે એશિયન બજાર પણ તૂટયા હતા. જેથી આજે ખાસ કરીન આઇટી ઇન્ડેક્સ 2 ટકાથી વધુ તુટયો હતો.

જાપાનનો ફ્લેગશિપ નિક્કી 225 લગભગ3ટકા ઘટ્યો હતો. હોંગકોંગનો હેંગસેટ 1.75 ટકા ઘટ્યો હતો. શાંઘાઇ કમ્પોઝિટ ૧.૩૮ ટકાની નબળાઈ બતાવી રહ્યું હતું. થાઇલેન્ડનો સેટ કમ્પોઝિટ ઇન્ડેક્સ 1.69 ટકા ઘટ્યો હતો. આનો અર્થ એ છે કે વિશ્વભરના મોટા શેરબજારો ભારે દબાણ હેઠળ છે. આ અચાનક ઘટાડાને કારણે રોકાણકારોમાં ગભરાટ ફેલાયો છે.

સૌથી મોટો ઘટાડો દક્ષિણ કોરિયાના બજારમાં થયો છે. કોસ્પી 10 ટકા તૂટી ગયો છે. એસકે હાયનિક્સ અને સેમસંગ ઇલેક્ટ્રોનિક્સ સૌથી વધુ ઘટ્યા છે. જેના કારણે શેરબજારમાં થોડા સમય માટે ટ્રેડિંગ અટકી ગયું હતું. પરંતુ, ટ્રેડિંગ ફરી શરૂ થયા બાદ બજાર પર વેચાણનું દબાણ વધ્યું હતું. આ વર્ષે દક્ષિણ કોરિયાનું બજાર સૌથી વધુ તેજીનું રહ્યું હતું. વિદેશી રોકાણકારોએ સેમિકન્ડક્ટર કંપનીઓના શેરમાં ભારે રોકાણ કર્યું હતું. જેના કારણે શેરના ભાવમાં અનેકગણો વધારો થયો હતો.

નિષ્ણાતો કહે છે કે અમેરિકા, દક્ષિણ કોરિયામાં ચિપ બનાવતી કંપનીઓના શેરમાં જબરદસ્ત વધારો થયો હતો. એઆઇના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને રોકાણકારો આ શેરોમાં રોકાણ કરી રહ્યા હતા. જેના કારણે આ શેરના ભાવ આસમાને પહોંચ્યા હતા. હવે તેમના ઊંચા મૂલ્યાંકન અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જેના કારણે આ શેરોમાં વેચવાલી થઇ રહી છે.

વેદાન્તામાં પ્રમોટરે 7.3 કરોડ શેર વેચતા શેર 9% તૂટ્યો!

મુંબઈ, તા. 23: પ્રમોટર કંપની ટ્વીન સ્ટાર હોલ્ડીંગ્સે 7.3 કરોડ શેરો વેચ્યા હોવાના અહેવાલોના પગલે વેદાન્તાના શેરમાં 9 ટકાનો ઘટાડો થયો હતો. 2149 કરોડ રૂપાયના બ્લોકડીલ બાદ શેર દબાણ હેઠળ આવ્યો હતો. ટેકનીકલ એનાલિસ્ટના જણાવ્યા અનુસાર નજીકના ગાળામાં આ શેર નબળો રહી શકે છે. જોકે, લાંબા ગાળાનું વલણ હજુય પણ યથાવત છે. અનિલ અગ્રવાલની કંપની વેદાન્તાના શેરમાં આજે 9 ટકાનો ઘટાડો થયો હતો, જેના કારણે રોકાણકારોનું ધ્યાન આ શેર પર રહ્યું હતું. વાસ્તવમાં, મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે પ્રમોટર એન્ટિટી ટ્વિન સ્ટાર હોલ્ડિંગ્સે બ્લોક ડીલ દ્વારા તેના હિસ્સાનો એક ભાગ વેચ્યો છે. આ સોદામાં લગભગ 7.3 કરોડ શેરનો ટ્રેડિંગ થયો હતો, જેની કુલ કિંમત લગભગ 2149 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હિસ્સો વેચનાર ટ્વીન સ્ટાર હોલ્ડિંગ્સ વેદાન્તાની સૌથી મોટી પ્રમોટર શેરહોલ્ડર છે. 31 માર્ચ, 2026 સુધીમાં, તેણે કંપનીમાં 40 ટકા હિસ્સો રાખ્યો હતો.

દિલ્હીમાં સોનામાં 3000 અને ચાંદીમાં 10500 રૂપિયાનો ઘટાડો

ચાંદી છેલ્લા બે મહિનાની સૌથી નીચલી સપાટી પર બંધ થઈ

મજબૂત ડોલર અને યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારાની આશંકાઓના પગલે કિંમતી ધાતુના ભાવ ઘટ્યા

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): વૈશ્વિક બજારોમાં ડોલર મજબૂત થવાને કારણે રાષ્ટ્રીય પાટનગરમાં મંગળવારે સોનાના ભાવમાં 3,000 રૂપિયાનો ઘટાડો થયો છે અને તે પ્રતિ 10 ગ્રામ 1.49 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. બીજી બાજુ ચાંદીના ભાવમાં પણ 10,500 રૂપિયાનો મોટો ઘટાડો નોંધાતાં તે બે મહિનાથી વધુ સમયની નીચી સપાટીએ આવી ગઈ છે.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા મુજબ, તમામ ટેક્સ સહિત 99.9 ટકા શુદ્ધતા ધરાવતું સોનું 2 ટકા ઘટીને 1,49,300 રૂપિયા પ્રતિ 10 ગ્રામ થયું છે. સોનામાં અગાઉ 27 માર્ચે આ પ્રકારનું સ્તર જોવા મળ્યું હતું. ચાંદી પણ વેચવાલીના દબાણમાં આવી જતાં 4.3 ટકા ઘટીને 2,35,000 રૂપિયા પ્રતિ કિલોગ્રામ (ટેક્સ સહિત) પર બંધ થઈ છે, જે છેલ્લા બે મહિનાની સૌથી નીચલી સપાટી છે.

એચડીએફસી (HDFC) સિક્યોરિટીઝના વરિષ્ઠ વિશ્લેષક સૌમિલ ગાંધીએ જણાવ્યું કે, મજબૂત ડોલર અને યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારાની આશંકાઓને કારણે કિંમતી ધાતુઓ પર દબાણ જોવા મળી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં હાજર સોનું આશરે 2 ટકા ઘટીને 4,121.10 ડોલર પ્રતિ ઔંસ અને ચાંદી 4 ટકાથી વધુ ઘટીને 62.27 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહી હતી. શેરખાનના કોમોડિટીઝ હેડ પ્રવીણ સિંહે નોંધ્યું કે ડોલર ઈન્ડેક્સ વધીને 101.15 પર પહોંચ્યો છે, જે મે 2025 પછીની તેની સર્વોચ્ચ સપાટી છે. નિષ્ણાતોના મતે ટ્રેડર્સ હવે યુએસના આર્થિક આંકડા અને ફેડરલ રિઝર્વના અધિકારીઓના વક્તવ્યની રાહ જોઈ રહ્યા હોવાથી આગામી સમયમાં પણ સોનાના ભાવ દબાણ હેઠળ રહી શકે છે.

એમએસએમઇનો દબદબો: NSE ઇમર્જ પ્લેટફોર્મનું માર્કેટ કેપ 2 લાખ કરોડને પાર

ઇમર્જ પ્લેટફોર્મ પર ગુજરાતનો ડંકો: માર્કેટ વેલ્યુની દ્રષ્ટિએ આખાય દેશમાં નં. 1

મુંબઇ, તા. 23: એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મનું માર્કેટ કેપિટલાઇઝેશન ૨ લાખ કરોડ રૂપિયાને પાર કરી ગયું છે. એસએમઇ ઇકોસિસ્ટમ માટે આ એક મોટી સિદ્ધિ છે. મે 2026 માં, આ પ્લેટફોર્મ પર 731 કંપનીઓ સૂચિબદ્ધ હતી. આ પ્લેટફોર્મ પર લિસ્ટેડ કંપનીઓએ આઇપીઓ દ્વારા લગભગ 23000 કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. આ કંપનીઓની કુલ માર્કેટ વેલ્યુ લગભગ 2.3 લાખ કરોડ રૂપિયા છે.

એનએસઇમાં લિસ્ટેડ તમામ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન આશરે 480 લાખ કરોડ રૂપિયા છે. એનએસઇએ કહ્યું છે કે તેનું ઇમર્જ પ્લેટફોર્મ વ્યવસાયો માટે મુખ્ય લોન્ચપેડ તરીકે ઉભરી આવ્યું છે. માર્કેટ કેપિટલાઇઝેશનમાં વધારો કર્યા બાદ 160 જેટલી કંપનીઓ મેઇનબોર્ડનો ભાગ બની ગઇ છે. અત્યાર સુધી એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મ પર મહારાષ્ટ્ર, ગુજરાત અને દિલ્હીની કંપનીઓનું વર્ચસ્વ રહ્યું છે. આ પ્લેટફોર્મ શરૂ થયા પછી, આ ત્રણેય સ્થળોએ કંપનીઓએ કુલ ભંડોળનો લગભગ બે તૃતીયાંશ ભંડોળ એકત્ર કર્યું છે.

સૂચિબદ્ધ કંપનીઓની સંખ્યાની દ્રષ્ટિએ મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે છે. રાજ્યની 204 કંપનીઓએ આ પ્લેટફોર્મ દ્વારા 6256 કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. તેમનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન 51059 કરોડ રૂપિયા છે. ગુજરાત 182 કંપનીઓ સાથે બીજા ક્રમે છે. આ કંપનીઓએ 4846 કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. કંપનીઓના માર્કેટ વેલ્યુની દ્રષ્ટિએ ગુજરાત પ્રથમ ક્રમે છે.

લિસ્ટેડ કંપનીઓની સંખ્યાની દ્રષ્ટિએ દિલ્હી ત્રીજા ક્રમે છે. એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મ પર દિલ્હી સ્થિત 102 એસએમઇ સૂચિબદ્ધ છે. આ કંપનીઓએ આઇપીઓથી કુલ 3745 કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. આ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન 45161 કરોડ રૂપિયા છે.

જો આપણે મહારાષ્ટ્ર, ગુજરાત અને દિલ્હીની કુલ લિસ્ટેડ કંપનીઓની વાત કરીએ તો તેમની સંખ્યા 488 છે. વિવિધ ક્ષેત્રોને જોતા, એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મ પર ઔદ્યોગિક એસએમઇનું પ્રભુત્વ છે.

એમસીએક્સ પર એક જ દિવસમાં ચાંદી 8000 તો સોનું 2500 તૂટ્યું

અમેરિકામાં વ્યાજદર વધવાની આશંકા અને વૈશ્વિક તણાવ હળવો થતાં કિંમતી ધાતુઓમાં ભારે કડાકો; ચાંદી 6 મહિનાના તળિયે

મુંબઈ, તા. 23: મંગળવારે સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. વૈશ્વિક અને સ્થાનિક ધોરણે સોના અને ચાંદી તેમજ સોના અને ચાંદીના ETF પણ ઘટાડે ટ્રેડ થયા હતા.

આ ક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું કે, સપ્ટેમ્બરમાં યુએસમાં વ્યાજ દરમાં વધારો થવાની ધારણા છે.

દરમિયાન, બેંક ઓફ અમેરિકાએ 2026માં ત્રણ વાર વ્યાજ દરમાં વધારાની આગાહી કરી છે. આ પરિબળથી રોકાણકારોની ચિંતામાં વધુ વધારો થયો છે.

કિંમતી ધાતુઓ દબાણ હેઠળ આવી ગઈ છે. MCX પર સોનું રૂ. 1.44 લાખ પર આવી ગયું છે. MCX પર ચાંદી રૂ. 2.26 લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર આવી ગઈ છે. એક દિવસમાં ચાંદી રૂ. 8000થી વધુ ઘટી છે. એક દિવસમાં સોનામાં પણ રૂ. 2500 થી વધુનો ઘટાડો થયો છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું 4100 ડોલરની નીચે જોવા મળી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદી $62 ની નીચે આવી ગઈ છે. ચાંદીનો ભાવ 6 મહિનામાં સૌથી નીચા સ્તરે પહોંચી ગયો છે.

સુડોકુ ૬૫૫૮ - 'ક્વિઝ'

૧		૬		૫	૭	૪	૯	૮
૩	૪	૮		૨		૫		
	૯			૮	૬	૩	૧	
૮			૬	૩		૭	૪	
							૩	
૭	૫		૮	૪	૯	૬	૨	૧
		૫		૬				૩
	૮		૫		૩	૧		
૬	૩					૯	૫	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ ઉકેલ-૬૫૫૭

૧	૨	૬	૩	૫	૭	૪	૯	૮
૩	૪	૮	૯	૨	૧	૫	૬	૭
૫	૯	૭	૪	૮	૬	૩	૧	૨
૮	૧	૯	૬	૩	૨	૭	૪	૫
૪	૬	૨	૭	૧	૫	૮	૩	૯
૭	૫	૩	૮	૪	૯	૬	૨	૧
૯	૭	૫	૧	૬	૪	૨	૮	૩
૨	૮	૪	૫	૯	૩	૧	૭	૬
૬	૩	૧	૨	૭	૮	૯	૫	૪

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

હરસ મસા

અતિ દુખાવો કરે છે. સાત વખત ધોયેલાં ઘી માં કપૂર ભેળવી તેનો લેપ કરવાથી રાહત થશે.

આજનું પંચાંગ

તા. 24/06/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિ: સુદ : દસમ: 18:13
અયન : દક્ષિણાયન, **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 03
યોગ : પરિઘ **કરણ:** વણિજ
નક્ષત્ર : ચિત્રા:- 13:59
રાશિ : તુલા (ર.ત.)
દિવસ : શુભ
સુરતમાં સૂર્યોદય : 06:00 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
નવકારસી : 06:48
પારસી વર્ષ : 1395 બહમન માસનો 14મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 08મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુકાળ : બપોરે 12:00 થી તા. 13:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ): ઘરકામમાં સાવધાની રાખવી. જીવન સાથીના આરોગ્યની ચિંતા સતાવે. કોર્ટ-કચેરીમાં મદદ મળે. રોજની આવક વધશે.

વૃષભ(બ,વ,ઉ): શત્રુ, નોકર, ચાકર, ચોર-લૂંટારુથી નુકસાન થઈ શકે છે. આરોગ્યના ખર્ચા વધશે. સરકારી નોકરીમાં સાવધાન રહેવું.

મિથુન (ક,છ,ઘ): નોકરીમાં નવી તક મળે. ધંધામાં આવક વધશે. શેરબજારમાં નવાં રોકાણ થાય. સંતાનોની ચિંતા સતાવે.

કર્ક (ડ,હ): સંપત્તિના સોદા થઈ શકે છે. ઘરના કામનો બોજ રહે. વાદ-વિવાદથી દૂર રહેવું. નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થાય.

સિંહ (મ,ટ): વિદ્યાર્થીઓને સફળતા મળે. હરીફાઈમાં ઈનામ મળે. કોઈ આનંદોત્સવમાં ભાગ લેવાનું થાય. પ્રવાસમાં વિઘ્નો.

કન્યા (પ,ઠ,ણ): ઘરમાં અશાંતિ રહેવાથી કામમાં મન ઓછું લાગે. ઘરમાં અવર-જવરથી અશાંતિ વધશે.

તુલા (ર,ત): મનોરંજન પ્રવાસ થાય. પડવા-વાગવાથી સાવધાન. રોજના કામથી રાહત મળે. અશુભ સમાચાર મળે.

વૃશ્ચિક (ન,ય): વ્યાવસાયિક પ્રવાસ સફળ રહે. આળસના કારણે આરામ કરવાનું મન થાય. અચાનક શુભ સમાચાર મળે.

ધન (ભ,ધ,ફ,ઢ): મિત્રોનો સાથ મળે. પ્રેમમાં ધીરજ-રાખવી. સંતાનોની ચિંતા સતાવે. નવા આર્થિક રોકાણ થાય.

મકર (ખ,જ,): નોકરીમાં પ્રભાવ વધે. આવક વધે-સમાજમાં ધીરજ રાખવી. મોજ શોખના ધંધામાં લાભ થાય.

કુંભ (ગ,સ,શ,ષ): પડવા-વાગવા અને ચોર-લૂંટારુથી સાવધાન રહેવું. સરકારી કામમાં મદદથી પ્રગતિ થાય.

મીન (દ,ચ,ઝ,થ): હિત શત્રુઓ અને ગુપ્ત અપ્રમાણિક કામથી સાવધાન રહેવું. અચાનક મુશ્કેલી આવી શકે છે.

કોઈ પણ સાલમાં 24 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં નવા ફેરફાર થાય. સરકારી નોકરીમાં જવાબદારી વધે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. નોકરી-ધંધા વગેરેમાં હરીફો સતાવશે. ઉઘરાણીની ચિંતા રહે. આરોગ્ય નરમ રહે. ઉમરલાયકના વિવાહ થાય. આવક વધાવાની યોજનામાં ચડતી-પડતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મિશ્ર અનુભવ થાય. સંતાનોના કેરીયર-અભ્યાસમાં સામાન્ય રહે. પ્રેમ વિવાહમાં વિઘ્ન આવે. વિદ્યાર્થીઓને સખત મહેનત કરવી પડશે. વિદેશનાં કામ ધીમાં પડશે. નોકરી-ધંધામાં ટેકનોલોજીનો લાભ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં મિત્રો-વડીલોની મદદ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. એપ્રિલ-મે-સપ્ટેમ્બર-ઓક્ટોબર, શુક્ર, શનિવાર, 06, 15, 24 તારીખે નવા કામ કરવાં. સફેદ અને કોઈ પણ ચમકતા રંગનો ઉપોગ કરવો. જુલાઈ-ઓગસ્ટ, બુધવાર, 01,10,19,28 તારીખે, નવા કામ ટાળવો, ભૂરા અને ગ્રે કલરનો ઉપયોગ ટાળવો શુક્રવારના ઉપાય કરતા રહેવું.

ઉમરગામ નગરપાલિકા

જાહેર જનતા માટે મહત્વની જાહેરાત

પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ ની નવી જોગવાઈઓ અને નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સિવિલ અપીલ નં. 6174/2023 માં તા.19.02.2026 ના રોજ આપવામાં આવેલ નિર્દેશો મુજબ,

(૧) ૪ પ્રકારે કચરાનું સેગ્રીગેશન કરવું.
(૨) બલ્ક વેસ્ટ જનરેટર્સ તરીકે રજીસ્ટ્રેસન કરાવવું ફરજીયાત.
(૧) ઉમરગામ નગરપાલિકા વિસ્તારના તમામ ઝોન અને વોર્ડમાં આવેલ રહેણાંક એકમો અને કોમર્શિયલ એકમો દ્વારા નીચે મુજબથી ૪ પ્રકારે કચરાનું સેગ્રીગેશન કરી કચરો ડોર ટુ ડોર વાહનોમાં આપવાનો રહેશે.

કચરાપેટી નો રંગ	કચરાનો પ્રકાર	ઉદાહરણ
લીલો (Green)	ભીનો કચરો (Wet Waste)	રસોડાનો કચરો, શાકભાજી-ફળની છાલ, બચેલો ખોરાક, ફૂલ- પાંદડા, બગીચાનો કચરો, રેસ્ટોરન્ટ હોટલ, લોજનો એઠવાડ વિગેરે
વાદળી (Blue)	સુકો કચરો (Dry Waste)	કાગળ પુઠા, પસ્તી, પેકેજીંગના ખોખા, પ્લાસ્ટિકની થેલીઓ, રબ્બરના/ પ્લાસ્ટીકના/ રેકઝીનના ફાટેલા કપડા, બુટ ચપ્પલ, લાકડાનો કચરો, કાચ, ધાતુ ની વસ્તુઓ વાયર અને, કાર્ડબોર્ડ, રબર વિગેરે.
લાલ (Red)	સેનેટરી કચરો (Sanitary Waste)	સેનિટરી નેપકિન, ડાયપર, ટેમ્પોન, કોટન, બેન્ડેજ વગેરે
કાળો (Black)	ઘરેલુ જોખમી કચરો (Domestic Hazardous Waste/Special Care Waste)	બેટરી, બલ્બ, પેન્સીલ સેલ, ટ્યુબલાઇટ, દવાઓ, પેઇન્ટના ડબા, થર્મોમીટર, સિરિન્જ, મુદત વીતી ગયેલ દવાઓ વગેરે

(૨) આથી ઉમરગામ નગરપાલિકા વિસ્તારના તમામ બલ્ક વેસ્ટ જનરેટર્સ (હોટલ, રેસ્ટોરન્ટ, મેરેજ હોલ, એપાર્ટમેન્ટ, રહેણાંક સોસાયટી, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, કોમર્શિયલ કોમ્પલેક્સ, ઓફિસો, બજારો તથા રોજિંદા ધોરણે મોટા પ્રમાણમાં કચરો ઉત્પન્ન કરતી સંસ્થાઓ) ને આથી જાણ કરવામાં આવે છે કે તેઓ તમામનું અત્રેની કચેરીએ બલ્ક વેસ્ટ જનરેટર્સ તરીકે રજીસ્ટ્રેસન કરાવવું ફરજીયાત છે આગામી દિન ૧૦ માં અત્રેની કચેરીએ રજીસ્ટ્રેસન કરાવવાનું રહેશે.

બધા બલ્ક વેસ્ટ જનરેટર્સની વ્યાખ્યા નીચે મુજબની છે.

બલ્ક વેસ્ટ જનરેટર (BWG)" એટલે એવી કોઈપણ સંસ્થા, મકાન, કેમ્પસ, રહેણાંક સંકુલ, વ્યાપારી સ્થાપના, સરકારી/ અર્ધસરકારી કચેરી, હોટલ, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થા, બજાર, મોલ અથવા અન્ય કોઈ એકમ કે જે નીચે દર્શાવેલ પૈકી કોઈ એક માપદંડ પૂર્ણ કરે :

- ૨૦,૦૦૦ ચોરસ મીટર અથવા તેથી વધુ બાંધકામ વિસ્તાર ધરાવતું હોય, અથવા
- દિવસના ૪૦,૦૦૦ લિટર અથવા તેથી વધુ પાણીનો વપરાશ કરતું હોય, અથવા
- દિવસના ૧૦૦ કિલો ગ્રામ અથવા તેથી વધુ ઘન કચરો ઉત્પન્ન કરતું હોય

ઉપરોક્ત માપદંડ મુજબ જે તે સંસ્થા/ એકમ BWGS માં સમાવેશ થતો હોય તે તમામે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ- ૨૦૨૬ મુજબ તેઓની પ્રિમાઇસીસમાં જ ઉત્પન્ન થતા બાયોડીગ્રેડેબલ (ભીના કચરા)નું ઓન-સાઈટ પ્રોસેસીંગ (On- site Processing) કરવા તેમજ ઉત્પન્ન થતા સૂકા કચરાનું વર્ગીકરણ કરી તેને અધિકૃત રિસાયકલર્સને આપવાનો રહેછે.

ઉપર મુજબ ની નિયમોનું પાલન ન કરનાર કોઈપણ સંસ્થા, મકાન, કેમ્પસ, રહેણાંક સંકુલ, વ્યાપારી સ્થાપના, સરકારી/ અર્ધસરકારી કચેરી, હોટલ, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થા, બજાર, મોલ અથવા અન્ય કોઈ એકમો સામે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ ના નિયમો તથા ના. સુપ્રીમ કોર્ટની ૦૫-૦૫-૨૦૨૬ની ગાઈડલાઈન અન્વયે EPA Act 1986 હેઠળ લાગુ પડતા કાયદા મુજબ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી શકે છે.

ઉમરગામ શહેરને સ્વચ્છ અને હરિયાળું બનાવવાના આ અભિયાનમાં આપનો સાથ-સહકાર આવશ્યક છે.

ખુશ્બુબેન એસ. જાદવ — પ્રમુખ — ઉમરગામ નગરપાલિકા

એ. એચ. સિન્હા — ચીફ ઓફીસર — ઉમરગામ નગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૨૦૨/૨૦૨૬